વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૨ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જાન્યુઆરી - ૨૨, ૨૦૧૮

# અમારી આંખ ખૂલી કે એમની આંખ બંધ છે !?

દેશના અર્થકારણમાંથી ૯૫.૭% શ્રમદળનાં એટલે કે દેશના વર્કફોર્સના કામદારોને બાકાત કરીને કોઈ કામદાર નીતિ કે કામદાર કાયદાનો ખરડો ડ્રાફ્ટ તૈયાર થાય? પણ આ થઈ રહયું છે...

દેશના તમામ શ્રમકાનૂનો ને ચાર 'કોડ'માં સમાવિષ્ટ કરીને શ્રમકાનૂનો માં સુધારા આવી રહયાં છે. જે સારી વાત છે. જરૂરી છે. તેમાંનો એક તે 'કોડ ઑન વેઈજીસ્ બિલ ૨૦૧૭' છે. આની અગત્યતા અસંગઠિતક્ષેત્રના ૪૦ કરોડ કામદારો માટે અત્યંત મહત્ત્વની છે.

અસંગઠિતક્ષેત્ર એટલે શું? જવાબઃ ઓછું વેતન, મોટી માત્રામાં અનપૅઈડ ફેમીલી લેબર, એક જ પ્રકારનું કામ પણ, વેતન જૂદું-જૂદું મળે. વચેટિયાઓની લાંબી સાંકળ અને દરેકે-દરેક પગથિયે કામદારોનું શોષણ થાય. દરેક પગથિયે વચેટિયા પોતાનો ભાગ કાપી લે. ઘણી વાર તો, વેતન ચૂકવ્યા વગર વચેટિયા ભાગી જાય! એવી અરક્ષિત છે આ અસંગઠિતક્ષેત્રની અર્થવ્યવસ્થા. આ પરિસ્થિતિ ભોગવતા દેશના ૪૦ કરોડ શ્રમિકો છે જે મોટા ભાગના ગરીબી અને અસલામતીમાં જીવન નિર્વાહ કરે છે. આ તમામ હકીકતો, જાણકાર, નિષ્ણાંતો તેમજ સરકારને સુવિદિત છે. પણ, અસંગઠિતક્ષેત્ર ને ''કોડ ઑન વેઈજીસ્ બિલ ૨૦૧૭''માંથી સદંતર બાકાત જ કરી દીધું છે.

આપણાં ભારતના બંધારણના મૂળભૂત ચાર આદર્શ છે. સ્વતંત્રતા, સમાનતા, ન્યાય, વ્યક્તિનું ગૌરવ. અને આ ચાર આદર્શોને આધારે આપણે આપણું અર્થતંત્ર પણ ચલાવવાનું છે. આપણાં બંધારણના આ મૂળભૂત ચાર આદર્શો નો જ જ્યાં ભંગ થાય, સ્વતંત્રતા છીનવાય તો તો આ કામદારવર્ગ નાગરિક જ ના રહયોં ને? અસમાનતાની આટલી મોટી ખાઈ? સંગઠિત-અસંગઠિત વચ્ચે આટલી મોટી અસમાનતા? આ તો દેખીતો અન્યાય જ છે ને? એક વ્યક્તિના પ્રમાણિક શ્રમનું ગૌરવ જ નહી? દેશ આપણોં ખેતીપ્રધાન તો, જે ખેતી કરે છે કે ખેતમજૂરી કરે છે તેના શ્રમનું કંઈ જ ગૌરવ નહી?

કોઈ અસ્તિત્ત્વ જ નહી તો ગૌરવની શું વાત કરવાની?

સમગ્ર 'કોડ' માં વિગતે જોઈએ તો, અસંગઠિતક્ષેત્રના કામદારો કે અસંગઠિતક્ષેત્રની વ્યાખ્યા જ નથી ને! જાણે કે એ બધા કામ 'કામ' જ નથી.

આ અસંગઠિતકામદારો જે ઘરખાતા કામદારો, સ્વાશ્રયી કામદારો, દહાડિયા, કોન્ટ્રાકટ પર કામ કરનારા કામદારો, ઘરેલુંકામદારો, પાર્ટટાઈમ કામદારો, પીસરેટ પર કામ કરનારા છે તે ક્યાં જશે? આને તો સમાવો...

લઘુત્તમ વેતન નક્કી કરવાની રીતમાં પણ 'કોડ'ની કલમ ૯ (૧)માં જણાવ્યું છે કે, જુદા-જુદા રાષ્ટ્રીય લઘુત્તમ વેતન જુદ-જુદા રાજયો અથવા ભૌગોલિક વિસ્તાર પ્રમાણે નક્કી થશે તો આને રાષ્ટ્રીય લઘુત્તમ વેતન કેમનું કહેવાય ?

પીસરેટ પર કામ કરતાં દેશમાં ગરીબમાં ગરીબ ત્રણ કરોડ ઘરખાતા કામદારો છે. કોડની કલમ ૬ (૧) (બી) અને ૬(૧) પીસરેટ પર કામ કરતાં કામદારો ને ચૂકવાતા વેતન પર છે. આ બન્ને કલમો સાથે જોઇએ તો સંદિગ્ધતા છે. જેમાં, પીસરેટની પણ વાત છે અને સમય પ્રમાણે વેતન ચૂકવવાની વાત છે ! તો આ પીસરેટ પર કામ કરતાં કામદારોને વેતન ચૂકવણી તો પીસરેટ પર જ થાય ને ? બીજું કે, સ્વાશ્રયી કામદારો જેમ કે, વેસ્ટરીસાયકલર્સ, મીઠા કામદાર, જંગલમાં કામ કરતાં કામદાર તેમની માટે કોઇ પ્રાવધાન નથી. આ સ્વાશ્રયી કામદારો માટે તેઓ જે-તે વસ્તુઓ ઉત્તપન્ન કરતાં હોય કે ભેગી કરી વેચતાં હોય તે વસ્તુઓ માટેનાં દર સરકારે ફીક્સ કરવાં જોઇએ ને ?

દરેક રાજય પ્રમાણે એક જ ધંધાના જુદાં-જુદાં લઘુત્તમ વેતન અસંગઠિત વર્ગના ધંધાઓ માટે હોય તો, જે-તે ધંધા જે રાજયમાં ઓછું લઘુત્તમવેતન હોય ત્યાં સ્થળાંતર થાય છે. અહી જરૂર છે રાષ્ટ્રીય લઘુત્તમવેતન જે-તે ધંધાનું હોય. નહી તો, અમારા અનુભવ પ્રમાણે બીડી ઉદ્યોગ બિહારથી બાંગ્લાદેશ ખસતો તો જોયો છે…

જયારે રાષ્ટ્રીય કે રાજયની ત્રિપક્ષીય લઘુત્તમવેતન સલાહકાર સમિતિ/બોર્ડની રચના થાય છે ત્યારે અસંગઠિતક્ષેત્રના સંગઠનો અને માલિકો ને પ્રતિનિધિત્ય મળવું જોઇએ જેથી, તેઓ અસંગઠિતક્ષેત્રને ધ્યાનમાં રાખીને જે-તે ધંધાનું લઘુત્તમવેતન નક્કી કરે. આ સમગ્ર પ્રતિનિધિત્વનો ખ્યાલ જ કોડમાંથી બાકાત છે! આ તો મૂળભૂત વાત છે…

સ્ત્રી. પુ.નો સમાન વેતનધારા ને આ કૉડમાં સમાવ્યો છે ખરો ! પણ,તેને એકદમ નબળો બનાવીને …!

વેતનમાં થતી કપાતની વાત આવે છે ત્યાં પણ, અસંગઠિતક્ષેત્રના વેતનમાં જે છાંટ થાય છે તેના ઉપર 'કોડ'નું મૌન છે.

બીજો અગત્યનો પ્રાવધાન તે અમલીકરણ નો હોય. આ સમગ્ર કોડના અમલીકરણની પધ્ધતિ શું હશે ? તેના પર 'કોડ' મૌન છે…

ખરેખર તો, આ 'કોડ' ને બે ભાગમાં વહેંચવો જોઇએ. એક ભાગ તે અસંગઠિતક્ષેત્ર અને બીજો ભાગ તે સંગઠિતક્ષેત્ર.. આ બન્ને વર્ગની લાક્ષણિકતાઓ તદ્દન્ ભિન્ન છે એટલે, એના અમલીકરણની પધ્ધતિ પણ આ ભિન્નતાઓને ધ્યાનમાં રાખીને ઘડાવી જોઇએ.

ચેપ્ટર ચાર માં વેતનનાં લેણા, દાવાઓ, ઑડિટ વગેરે સંગઠિતક્ષેત્ર માટે છે પણ, અસંગઠિતક્ષેત્ર માટે નથી !

ખરેખર તો, અસંગઠિતક્ષેત્રની લાક્ષણિક્તાઓને ધ્યાનમાં રાખીને ફરિયાદ નિવારણ સેલ રચાવું જોઇએ અને ફરિયાદ નિવારણ ઓથોરીટી હોય…! આ ભલામણ 'બીજા નેશનલ કમિશન'ના રેપોર્ટમાં ઓલરેડી થયેલી છે. જે રીપોર્ટ ને સરકારે સ્વીકારેલો પણ છે.

અસંગઠિતક્ષેત્રના કામદારોની નોંધણી થાય અને તેમને આ કાયદા નીચે મળે તેવું ઓળખપત્ર હોવું જોઇએ…

દેશના કુલ ઉત્પાદનમાં ૬૨% પ્રદાન કરતાં અસંગઠિતક્ષેત્રને કામની ખાત્રી, આવકની ખાત્રી, બે ટંક જમવાનું અને સામાજીક સુરક્ષાનું રક્ષણ મળે તેટલી ખાત્રી તો આ 'કોડ' આપે ને ?

આની રજૂઆત 'કોડ ઑન વેઇજીસ્ બિલ ૨૦૧૭' માટે લોકસભા ના સભ્યોની બનેલી સ્ટેન્ડીગ લેબર કમીટી તેમજ લઘુત્તમ વેતનની રાષ્ટ્રીય સલાહકાર સમિતિ 'સેવા' સહિત લેબર યુનિયનોએ આગળ કરી છે.

અમારી તો આંખ ઉઘડી ગઇ કે એમની આંખ બંધ હોઇ શકે !? અસંગઠિત કામદારોની આવી અદૃશ્યતા હોય ત્યાં તેમનો અવાજ કેમ કરીને પહોંચાડવો ? તે નથી તો, તેમનાં કામોની સાર્થકતાં કદી આવશે ખરી ? એ મોટી સમસ્યા છે.

**- મનાલી**

❑

# ભરતની કળા હતી તો હું ભણી !!

આ વાત છે 'સેવા'ના ભાવિ આગેવાનની સેવાના રંગે રંગાયા છે !! હખીબેન આહીર ગર્વથી ઓળખાણ આપે. હું પાંચ વર્ષથી સેવાની સભ્ય છું ને સેવા ઉન્નત બજારની શેર હોલ્ડર છું. તાજેતરમાં સેવાના નવયુવાન હખીબેન આહીર ૨૨ વર્ષીય જોડે ચેન્નાઇ જવાનું થયું. તેમની જોડે પ્રવાસમાં ઘણી વાતો થઇ. તેમની પોતાની જ સેવા સાથેની જોડાવવાની વાત રોમાંચક છે.

હખીબેનના માતા જમુબેન ૨૫ વર્ષથી સેવાના આગેવાન છે. જમુબેન ભરતના કારીગર. પોતે ભણ્યાં ન હતા પણ, ભણતરની કિંમત કામ કરતાં પારખી. હખી તેમની પાંચ દિકરીઓમાં સૌથી નાની. મોટી ચાર દિકરીઓને તો ભણાવી ન હતી. આમે આહીર સમાજમાં પણ તે વખતે ભણતરનું બહુ મહત્ત્વ નહિં પણ નક્કી કર્યુ કે હખીને તો હું ભણાવીશ.

હખી પણ કયારેક તેની મા જોડે સેવામાં મીટીગમાં આવતી. ત્યાં પણ તે સેવાના સંગઠકો જોડે મળતી, જે તેને ભણવા ઉત્સાહિત કરતા. જમુબેને હખીને કહયું કે તું નિશાળમાં દાખલ થઇ જા. ઉંમર પ્રમાણે હખી ત્રીજા ધોરણમાં હોય, પણ

તેને તો કક્કો બારખડી પણ આવડતાં નહી ! બીજું કે શાળામાં એકેય છોકરી જ નહિં. બધાં છોકરાની વચ્ચે એકલી કેવી રીતે નિશાળમાં બેસે ?

જમુબેને હખીને કહયું – ગામમાંથી કોઇ બેન બહાર એકલી નો'તી જતી, પણ હું કેવી હિમ્મત કરી નીકળી. એ હું બીજી બહેનો ખાતર જવાબદારી ઉપાડી. એમ તું નિશાળે જઇશતો બીજી દીકરીઓ પણ તને જોઇને ધીરે ધીરે આવશે.

શરૂઆતમાં હું મારી ફુઇની છોકરીને જોડે લઇને જતી. બધા મારા બાપુજીને બધું કહેતાં, શું મળવાનું આ છોકરીને ભણાવીને ? સાવ બગડી જશે. એનું સગપણ કેવી રીતે જાળવશો ? પણ માં – મારા બાપુને કહેતી હખી ભણશે, પણ સેવામાં અમે જેમ મુલ્યો ને વળગેલાં રહીએ છીએ – એમ સમાજના મૂલ્યોની મર્યાદા ને આબરૂ જાળવીશ. હખીનું સગપણ જે ઘેર કર્યુ છે ને, ત્યાં જ હખીને વળાવીશ.

એમ એમ કરતાં હું ૭ ધોરણ ભણી. ગામમાં ટપાલ આવે કે પંચાયતનો કોઇ કાગળ આવે તો હું વાંચી દેતી અને લખી આપતી. કોઇને ટ્રેકટરનો હિસાબ હોય, ખેતરની લેવડ દેવડનો હિસાબ હોય આ બધું હું ફટ દઇને કરી આપતી. એટલે અમારા સમાજમાં પણ બધાંને સમજાયું કે દીકરી ભણી તો કાઇ બગડી નથી ગઇ ! આ જોયુ ગામની ૧૦૦થી પણ વધારે દીકરીઓ શાળાએ જવા લાગી. ગામમાં આગળ ભણી શકાય તેવી કોઇ નિશાળ નહોતી. અને આજુ-બાજુમાં પણ નહિં. સમાજ એકલી દીકરીને બસમાં કે સાયકલ ઉપર જવા દે નહી, પણ હખીને હવે આગળ ભણવું હતું. છેવટે સમાજે એવી જગ્યાએ ભણવા મૂકવા છૂટ આપી જ્યાં એકલી છોકરીઓ જ હોય. એટલે પોતાના ગામથી ૮:૦૦થી ૯:૦૦ કી.મી. દૂર જૂનાગઢ ભણવા મૂકી જે આહીર સમાજની જ શાળા - છાત્રાલય બંન્ને હતા.

આ હું જે કંઇ ભણી શકી એ સેવાના પ્રતાપ! મારી માંને મારી મોટી બહેનો ભરત ભરે ને એમાંથી જે આવક થાય એ મારા શિક્ષણમાં વાપરે. જુનાગઢમાં તો રૂ. ૧૬,૦૦૦/- ફી ભરવાની, મારી બહેનોએ કહયું કે અમે રાત-દિ ભરત ભરશું પણ તેને ભણાવવી ખરી. હું ૧૨ પાસ થઇ. પી.ટી.સી. કર્યુ. પછી બી.એ., એમ.એ. કર્યુ. પી.ટી.સી. સુધી મારી માંને બહેનોએ ખર્ચો ઉપાડયો, પણ કોલેજમાં તો શનિ - રવિ હું ભરત ભરું ને મારી ફીનો ખર્ચો પણ મેં જ ઉપાડયો.

પછી તો અમારા સમાજે પહેલી વાર મારું ને મારીનું સન્માન કર્યુ. તમે સમાજની દિકરીઓને ભણાવવા માટેની પહેલ કરી. હવે તો દર વર્ષે સમજ દિકરીઓને સારા માર્ક લાવે તેને સ્કોલરશીપને શીલ્ડ આપે છે. આજે અમારા સમાજની કેટલી દિકરીઓ ડોકટરનું ભણે છે, કોઇ બેંકમાં છે, કોઇ મામલતદાર છે, કોઇ પોલીસમાં છે...

વાહ ! મારી માંનું વચન મેં પાળ્યું. મારા લગ્ન જેની સાથે થયા તે મારા ઘરવાળા ભણ્યા નથી પણ, હું તેમને ભણાવું છું.

અત્યારે હું ૨૨ ગામમાં 'શાનું'ના કલાસ ચલાવું છું. આજેય કેટલી દિકરીઓ ૭ ધોરણ પછી ભણવાનું છોડી દે છે. હું એ દિકરીઓ માટે રોજ બે કલાકના ગણિત, વિજ્ઞાન ને અંગ્રેજીના કલાસ ચલાવીએ, આ દિકરીઓને ૧૦ને ૧૨ની પરીક્ષા અપાવીએ. દર વર્ષે ૧૦૦થી ૧૨૫ છોકરીઓ ૧૦ને ૧૨ની પરિક્ષા આપે. આમાંની કેટલીય દિકરીઓ આશા વર્કર, આંગણવાડી શિક્ષિકા, વિદ્યા સહાયકમાં ભરતી થઇ.

આજ લગી મેં ભરતકામ છોડયું નથી. જેના વડે જ તો હું આટલું ભણી શકી ! હું હરખીનું કામ કરું છું ને વેચાણ કરું છું.

ચેન્નાઇની મીટીંગમાં તેમની વાત સાંભળતા બધા એ પૂછયું – આ હરખી શું છે ?

અમે કોલેજમાં ભણીએ, છાપાંઓ વાંચીએ, અન્ય છોકરીઓને જોઇએ એટલે અમનેય 'ફેશન'નો રંગ લાગ્યો. અમે કપાસ ઉગાડીએ, કાતીએ, ભરીએ, પણ એ બધું મૂકી અમે નાયલોનના કુર્તા પહેરવા લાગ્યા.

એક દિવસ અમારી મીટીંગ હતી, એમાં ઇલાબેન પણ હતા. એમણે નાયલોન - મોબાઇલ પ્રિન્ટની સાડી પહેરી હતી. અમને બધાને હાયકારો થઇ ગયો. અમારા ઇલાબેન ખાદી સિવાય બીજું કાંઇના પહેરે ને આજે આવું કેમ પહેર્યુ ? પણ, અમે સમજી ગયા. તે દિવસથી અમે નક્કી કર્યુ કે નવયુવાન દીકરીઓ માટે એને ગમે એ ભાતના, નવી સ્ટાઇલના કપડાં બનાવવા પણ સુતરાઉ, બ્લોક પ્રિન્ટ, વણાટના. અમે જ ખુદ ડીઝાઇનર બની ગયા. આ અમારી ફેશન લાઇન ને અમે 'હરખી' કહીએ છીએ.

અમે જ ડીઝાઇન કરીએ, અમે જ સીવીએ, ભરત ભરીએ, વેચાણ પણ અમે જ કરીએ ને પહેરીએ પણ અમે.

નવી સ્ટાઇલ આવે એટલે વોટ્સઅપ ઉપર બધાને ફોટા મોકલી દઇએ, જેમ જેમ માંગ આવે તેમ પહોંચાડીએ.

ફેશનવાળા પણ, અમારા બનાવેલા કપડાં હરખથી અમે પહેરીએ !

હખીબેનની વાત સૌ કોઇ સાંભળતા રહયા. સેવાના રંગે રંગાયાનો આનંદ થયો.

**- રીમા**

❑

# ૧૦૦મા મજૂર દિને
# મજૂર મહાજન સંઘમાં ઈલાબેનનું વકતવ્ય
# ૪થી ડિસેમ્બર, ૨૦૧૭

આજના ૧૦૦મા મજૂરદિને સૌને અભિનંદન!

ગાંધીજીએ અમદાવાદમાં ચાર સંસ્થાઓ સ્થાપી. એ વિચારથી કે આઝાદી મળ્યા બાદ મારો દેશ કેવો હશે, અંગ્રેજ રાજના જેવો તો નહિ જ. તો બ્રિટીશ શાસનથી મુક્ત મારા દેશમાં ઔદ્યોગિક પ્રગતિ કેવી હશે, શિક્ષણ કેવું હશે, જીવનશૈલી કેવી હશે, પત્રકારિત્વ કેવી રીતે ચાલવું તેના વિકલ્પોને સાકાર કરવા તેમણે પ્રયોગાત્મક વિચારે ચાર જુદી સંસ્થાઓ સ્થાપી,૧૯૧૭થી ૧૯૨૦ની આસપાસ મજૂર મહાજન સંઘ, ગુજરાત વિદ્યાપીઠ, સાબરમતિ ગાંધી આશ્રમ, અને નવજીવન પ્રેસ. જેમાં તે જાતે સક્રિય રહયા હતા. તે સંસ્થાઓ આજે પણ અમદાવાદમાં અત્રે મોજૂદ છે જેનું આપણને ઘણું ગૌરવ છે.

મજૂર મહાજન સંઘની સૂવર્ણજંયતિ ઉજવવાનો દિવસ આવી પહોંચ્યો! આ છે આપણો ૧૦૦મો મજૂર દિન! મારા માન્યામાં નથી આવતું! દિલમાં ખૂબ જ ખુશી છે. સાથે સાથે મૂંઝવણ એક જાતની કે શતાબ્દીના પ્રસંગે મહાજનની નવી પેઢી મહાજનનો ઇતિહાસ જાણતી હશે? ગૌરવ લેવા જેવો અમદાવાદના હેરીટેજનો આપણો અનોખો વારસો છે તેનો આપના સમક્ષ ઉલ્લેખ કરવાનું કર્તવ્ય મારે ઉઠાવવું? હજૂ હમણાં તો મહાજનના પગથિયા હું ચઢેલી (અને તમે ઉતારેલી!) એ દિવસો ય હજૂ તાજા છે અને ત્યાં ૧૦૦ વર્ષ આ સંસ્થાને વીતી ગયા! ઘડીક તો મારા માન્યામાં જ નથી આવતું. મારી યુવાનીનો ઇતિહાસ મહાજનના ઇતિહાસમાં સમાયેલો છે તે હું તમને કેવી રીતે સમજાવું? મારી કારકિર્દીનો જનમ અહિં થયેલો. મારી ‘સેવા’ નો જન્મ, સેવાબેંકનો જન્મ પણ અહિં જ!

પૂજ્ય મોટાબેન, અનસૂયા સારાભાઈએ તા.૪થી ડિસેમ્બર ૧૯૧૭ના રોજ મજૂર મહાજન સંઘની સ્થાપના કરી, મહાત્મા ગાંધીના આશીર્વાદ લીધા, માર્ગદર્શન લીધું. યુનિયન ચાલતું થયું અને એ વાતને ૧૦૦ વર્ષ પણ થઇ ગયા! ને તેનું સ્મૃતિ રંજન કરવામાં હું તમારા સૌની સાથે આજે હાજર છું તે કેવું મારું ધનભાગ્ય! ભાઇ રમણલાલ તથા ભાઇ અમર, તમે મને આ પ્રસંગે પ્રેમપૂર્વક યાદ કરી તે માટે હું તમારો હૃદયપૂર્વક આભાર માનું છું.

ભરપૂર ગરીબી, ગુલામીની દશામાં આ અબુધ દેખાતા દેશમાં બ્રિટીશ કાયદાઓ મુજબનું ટ્રેડ યુનિયન, એ જમાનામાં, મોટાબેને મજૂર મહાજન સ્થાપવું અને વિધિસર ચલાવવું, તેની આજે કલ્પના કરવી અઘરી છે. ત્યારે, મોટાબેનની પડખે ગાંધીજીની અંતેવાસી શંકરલાલભાઇ બેંકર હતા. તેમને દેશની આઝાદીના મહાસંઘર્ષમાં મજૂરોની આઝાદી ભૂલાઇ નહોતી. એ ગાંધી ચળવળની નાવમાં નાવિકના બે હલેસા તે મોટાબેન અને શંકરલાલભાઇ. એ નાવને સમુદ્રના કિનારે હંકારી લાવવી કેટલી કઠણ હશે તેની આજે કલ્પના કરવી મુશ્કેલ છે. પણ સમજીએ કે એ કોઇ ચમત્કાર નહોતો. એ બધું જ ગાંધી વિચારધારા અને તેના ચુસ્ત પાલન કરનાર મુલ્યનિષ્ઠ ઊંચા ચારિત્ર્ય ધરાવનાર આપણા સ્વાતંત્ર્ય સૈનિકોને આભારી છે. તેમાંથી કોને કોને આજે યાદ કરું?

૧૯૧૮માં, મુ.નંદાજી અમદાવાદની મજૂર પ્રવૃત્તિમાં જોડાયા, ૧૯૨૦માં મુ.ખંડુભાઇ દેસાઇ જોડાયા. ૧૯૨૭માં મુ.શામપ્રસાદ વસાવડા જોડાયા. ૧૯૩૧માં મુ.સોમનાથ દવે જોડાયા. તેમનાં સાથીદારો, કાર્યકર્તાઓ પણ તેવા જ અને તેમના જેવા જ દેશની આઝાદીને વરેલા હતા, એવો એ સમય હતો. તે સૌને આપણા આજના દિને સાચા દિલથી પ્રણામ! આજે તેમનાં ફરજંદો નેતૃત્વ સંભાળે છે, તેમને અભિનંદન અને શુભેચ્છા પાઠવીએ.

હું મારી જાતને કહું છું કે, હું કેટલી નસીબદાર કે મુ. નંદાજી સહિત આ સૌ મુરબ્બીઓને આ જ ભૂમિ પણ મારે મળવાનું થયું છે. મુ.નંદાજીના તો માત્ર દર્શન. પણ, અન્ય મજૂર નેતાઓ સાથે તો (નાનું મોટું) કામ કરવાનું અને શીખવા મળ્યું છે. તે સૌએ ભારતના ઊચ્ચ, સર્વોચ્ચ સ્થાનો પર રહીને દેશની સેવા કરી, જેનાં મૂળ સંસ્કાર તો મોટાબેન, અને મહાજન. એવી આ મજૂર મહાજન સંઘની ભૂમિકા છે જે આપણી માતૃસંસ્થા છે. તેને આપણે ભૂલીએ તો નગુણા કહેવાઇએ એઓ હતા તો આજે આપણે અહિં છીએ. આ છે મારો આજના દિવસનો પાઠ.

હું તો મહાજનમાં ૧૯૫૫માં એક જુનિયર વકીલ તરીકે જોડાયેલી. સીધી જ મને મુ.સોમનાથ દવેના હવાલે મૂકી/ ત્યારે તેઓ આપણી પાર્લામેન્ટ માટે ગ્રેચ્યુઇટી બિલની તૈયારી કરી રહયા હતા. તેના કામમાં મને લગાડી દીધી. મારી કારકિર્દીની શરૂઆત યાદ કરું છું. મને યાદ છે કે મુ.શેખસાહેબને ખૂંચતું કે હું માથે ઓઢતી નહોતી. સુરતમાં એવો રીવાજ નહોતો, અમદાવાદમાં ખરો. જો કે મહાજનના નેતાઓ આમ તો પ્રગતિશીલ વિચારોના. મહાજનમાં અન્ય ઇન્સ્પેક્ટરોને મોટરસાઇકલ ફિલ્ડ વર્ક માટે આપેલી, તેમ મને પણ સ્કૂટર વાસ્પા આપેલું. અમદાવાદમાં મજૂર વિસ્તારોમાં જવા માટે (૧૯૫૬). આ તો આડવાત થઇ.

મુ.ખંડુભાઇ મારા મહાજનકાળ દરમ્યાન આંધ્રના ગર્વનર હતા. જો કે અહિં આવતાં ખરા. તે પાકા સુરતી, બોલે પણ સુરતી. બોલવાનો ટોન પણ અનાવિલ. કોઇની પણ મજાક કરવા માટે જાણીતા. જ્યારે ILOની પ્રથમ સ્થાપના થઇ, વર્ષ મને યાદ નથી, સ્થાપના વિધિ બાદ સૌ બપોરે ભોજન લેવા બેઠા ત્યારે વસાવડા સાહેબે તેમની મજાક કરી.

"ખંડુભાઇ, આ દૂધપાક પહેલા ચાખી જુઓ. તેમાં લીલું લસણ નાખવાનું ભૂલી ગયા છે."

"હા વસાવડા, અગાઉ કેરીના રસમાં ગોળ ધપકારેલો તમે તે મને યાદ છે."

આવો હતો સુરતી અને જૂનાગઢીનો રસાસ્વાદ!

વસાવડા સાહેબની સૂચના મુજબ મેં ૧૯૬૯ના કોમી હુલ્લડમાં મજૂર વિસ્તારોમાં ખૂબ કામ કરેલું. તેમણે મને દરેક હોસ્પિટલોમાં સ્ત્રીઓ પરના અત્યાચારની વિગતનો સર્વે રીપોર્ટ કરવા સોંપેલો. વળી, શાહપુરની બે મિલો બંધ થઇ ત્યારે એક વાર મેં તેમને પૂછેલું. ના રહેવાયું તે, કે બંધ મિલના બેકાર મજૂરોને હું આખો દિવસ અહીં જ વ્યસ્ત બેઠેલા જોયા કરું છું કે કોર્ટમાં કે સરઘસોમાં. તો તેમનું ઘર કેવી રીતે ચલાવતા હશે? તેમણે મને ઊંચે અવાજે કહયું કે "જાઓ જઇને જોઇ આવો, પૂછવાનું શું?" હું તેમના વિસ્તારોમાં ગઇ ને જોયું કે બંધ મિલોના પરિવારમાં તેમની સ્ત્રીઓ માત્રની કમાણી પર ઘર ચાલતું હતું. એ મારા ભાવિ જીવનકાર્યનું મહત્વનું શિક્ષણ હતું. "જાતે જાઓ જઇને જુઓ."

આ નેતાઓ, મારી યુવાનવયે બહુ પ્રેરણાદાયી, માર્ગદર્શક હતા. મારા કાળમાં મજૂર મહાજન વટવૃક્ષ સમાન ફૂલ્યું ફાલ્યું હતું. આ દેશની મજૂર ચળવળમાં આગલી પેઢીએ બીજી પેઢીને તૈયાર કરી તેના અનેક જીવંત ઊદાહરણો આપણે આજે જોઇએ છીએ. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ શ્રી ગજેન્દ્ર ગડકર જેવા પણ ફરજે જોડાતા પહેલા મોટાબેનના, શંકરલાલભાઇના આશીર્વાદ લેવા અહિં આવ્યા હતા! એ મને બહુ યાદ રહી ગયું છે.

મજૂરોનું આ વટવૃક્ષ બંધાતા કેટકેટલા શ્રમ, બુધ્ધિ, કુનેહ, ચારિત્ર્ય ગુણ તેમાં સિંચાયા હશે તે જ આપણે ખરું તો સમજવાનું છે, આજના ૧૦૦મા મજૂર દિને.

નંદાજીએ આ દેશમાં ઔદ્યોગિક સંબંધક ધારો Industrial Relations Act (૧૯૪૬)માં ઘડાવ્યો અને અમલમાં લાવ્યા. ત્યાર બાદ, ઔદ્યોગિક ઝઘડાનો કાયદો ૧૯૪૭માં ઘડાયો. જ્યારે મિલો કોલસાના અભાવે કે વિજળીના કાપને કારણે બંધ રહેતી હતી તે બેરોજગારીના સમય દરમ્યાન લે ઓફ કોમ્પેન્સેશનનો કાયદો સંસદમાં ઘડાવ્યો પણ તે પહેલાં તો રાતોરાત વટહુકમ બહાર પાડયો હતો. તેમાં પણ મુ.શ્રી ખંડુભાઇએ જ મુખ્ય ભાગ ભજવ્યો હતોને કેમકે તે સત્તા સ્થાને બેઠેલા હતા.

મજૂરોને ભાવ વધારાના વળતરની સામે મોંઘવારી ભથ્થું અપાવવાનો પહેલો વિચાર ૧૯૩૯ના વર્ષોમાં મહાજનને આવ્યો. ગાંધી ચીંધ્યા પંચના સિધ્ધાંત મુજબ ૧૯૩૯માં મોંઘવારી ભથ્થાની આંટીઘુંટીઓ ઉકેલવામાં મહાજનના નેતાઓ અતિ કુશળ હતા. એક એવો જમાનો હતો કે અમદાવાદ મિલ ઉદ્યોગના કામદારોનો પગાર આખા દેશમાં સૌથી વધુ હતો. આ ચુકાદો મેળવવા માટે મુ.વસાવડા સાહેબે સર્વોચ્ચ અદાલતમાં જે દલીલો કરી હતી તે આજે ય પણ ઇતિહાસ યાદ કરે છે.

મજૂરોને જીવનનિર્વાહ માટે પૂરતો પગાર મળતો નહોતો આથી તેને ખરેખર મળતો પગાર અને જીવનનિર્વાહના પગાર વચ્ચેના ગેપને પૂરવા મહાજને બોનસની વ્યાખ્યાને વ્યાપક બનાવી. ખોટ કરતી મિલો પણ બોનસ આપતી થાય તેની પહેલ મહાજને જ કરી હતી અને પાંચ વર્ષનો બોનસનો ઐતિહાસિક કરાર કરવામાં આવ્યો. આ કરાર વસાવડા કરાર તરીકે પ્રખ્યાતી પામ્યો હતો તે મને યાદ છે. ત્યાર પછી અમારા લિગલ ખાતામાં આનો વારંવાર ઉલ્લેખ થતો હતો. જ્યારે માલિકોએ આ કાયદાની કાયદેસરતાને પડકારી હતી ત્યારે તેનો ઉકેલ લાવવામાં પણ વસાવડા સાહેબની રાહબરી હતી. રાષ્ટ્રીય મજૂર પંચ રચાયું તેમાં પણ એમની જ નેતાગીરી હતી. મારા વખતમાં, દર શનિવારે બપોર પછી બે કલાક સ્વાધ્યાયના રહેતા તેમાં આ બધું હું શીખી હતી.

અમે શીખ્યા કે મહાજનનું માળખું જ અનોખું યુનીક છે. કેમ કે, મહાજન માત્ર યુનિયન નહોતું તેનું મુખ્ય ધ્યેય તો મજૂરવર્ગના સર્વાંગી વિકાસનું હતું. આ ઓફિસમાં ફરિયાદખાતુ અને કાયદાખાતુ તો હતા જ ઉપરાંત, ત્રીજા મેડે લત્તાખાતુ પણ હતું. મજૂરોની તેમના રહેઠાણની લત્તાઓને લગતી ગટર, પાણી, ઝૂંપડા ઇ. ફરિયાદો દૈનિક નોંધાતી ને તેનો નિકાલ થતો. જાણે મજૂરોનું પોતાનું મ્યુનિસિપલ ખાતું જોઇ લો! સર્વાંગી વિકાસ અર્થે લત્તાઓમાં લાયબ્રેરી, અભ્યાસગૃહ, જ્ઞાનપરબો, સિવણવર્ગો, બાલમંદિર, કન્યાગૃહ ચાલતા હતા જે આજે આછેપાતળે પણ ચાલે છે. આ બધાના નેતા નાનકડા નંદશંકરભાઇ મને ભૂલાતાં નથી.

કદી ન ભૂલીએ કે આજે આપણે કામદારવર્ગ મજૂર કાયદાઓને કારણ રક્ષણ પામીએ છીએ કોર્ટ સુધી લડી શકીએ છીએ. તે બધા કાયદા મૂળ કન્સેપ્ટ વિચારથી માંડીને અહિં જ, આપણા વડીલોને તેમના સાથી કામદારોનાં સંગઠિત બળ અને અથાગ મહેનત, બલિદાન ને પરિણામે ઘડાયા છે, અમલમાં આવ્યા છે, મોંઘવારી ભથ્થું અને બોનસ, ગ્રેજ્યુટી અને કોમ્પેન્સેશન ઇ. જે આપણા રોજીંદા શબ્દો બની ગયા છે તે બધા અધિકારોના લાભ એમ કાંઇ સહેલાઇથી આપણને મળ્યા નથી! એ આપણા નેતાઓને હાર્દિક અંજલિ આપીએ.

આટલું કહયા બાદ, એક હકીકત સખેદ યાદ કરાવ્યા વગર હું રહી શકું નહિ. તે હકીકત છે કે જેમ જેમ મિલો અને મિલ કામદારોની સુખાકારી વધતી ગઇ, અધિકારો વધતા ગયા તેમ તેમ મિલોમાં સ્ત્રીકામદારોની સંખ્યા ઘટતી ઘટતી ક્ષીણ થઇ ગઇ. સ્ત્રીકામદારોની નવી ભરતી સાવ બંધ થઇ ગઇ. ગાંધી

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :
૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

## ''અટલ પેન્શન યોજના''

સાથે હવે આપણે નિવૃત થઇ શકીએ છીએ.

ખેડૂતો, શ્રમિકો અને અસંગઠિતક્ષેત્રનાં અન્ય સ્વરોજગાર નાગરિકો માટે ભારત સરકારની પેન્શન યોજના

૧૮ વર્ષથી ૪૦ વર્ષની કોઇ પણ વ્યક્તિ જેમનું એનપીએસ(નેશનલ પેન્શન યોજના) સ્વાવલંબનમાં ખાતું હોય તે વહેલી તકે આધાર કાર્ડ, ફોટો આપી અટલ પેન્શન યોજનામાં જોડાઇ શકે છે. અટલ પેન્શન યોજનામાં જોડાયેલ વ્યક્તિ ૬૦ વર્ષ પછી પેન્શન નો લાભ મેળવી શકે છે. તદુપરાંત મૃત્યુ પછી તેમના જીવનસાથી પણ તેટલી જ રકમનો પેન્શન નો લાભ મેળવી શકે છે અને વારસદાર ને મળવા પાત્ર રકમનો લાભ મળે છે.

દા.ત. ૧૮ વર્ષની વ્યક્તિ અટલ પેન્શનમાં ફક્ત માસિક રૂ. ૨૧૦/- ભરી ૬૦ વર્ષ બાદ ઓછામાં ઓછું રૂ. ૫૦૦૦/- પેન્શનનો લાભ મેળવી શકે છે તથા તેમના વારસદાર પણ રૂ. ૮,૫૦,૦૦૦/-ની રકમનો લાભ મળે છે. એપીવાયમાં લઘુત્તમ ગેરેન્ટી પેન્શન રકમ મળવા પાત્ર છે.

**સરકારના આદેશ અનુસાર આપનાં બેંક ખાતા સાથે આપનું આધાર કાર્ડ જોડવું અનિવાર્ય છે. આધાર કાર્ડ લિંક કરવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ ૨૦૧૮ છે. તમામ માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે પોતાના આધાર કાર્ડની કોપી લઇ નજીકની શાખાનો તુરંત સંપર્ક કરો.**

વિચાર ધરાવતી મજૂર મહાજન સંસ્થાને પણ સ્ત્રીઓ પર થયેલો આવો અન્યાય ન સ્પર્શ્યો?! કદાચ આ મધ્યમ વર્ગના નેતાઓ 'રૂડો સંસાર' ની દીશામાં ફસાઇ ગયા હતા - આ વાત મને હંમેશા કઠે છે.

૧૯૬૩થી ૧૯૬૮ના સમય દરમિયાન દેશની ૧૧૦ મિલો બંધ પડી હતી ત્યારે મજૂરોની રોજી ચાલુ રાખવા રાષ્ટ્રીય સ્તરે નેશનલ ટેક્ષ્ટાઇલ કોર્પોરેશનની રચના થવી જોઇએ તેવી જોરદાર રજૂઆત સરકારને મહાજને જ કરી હતી અને આખરે કોર્પોરેશન રચાયું પણ ખરું મહાજનની જ નેતાગીરી વસાવડા સાહેબની અધ્યક્ષતામાં. કહેવાય છે કે કોર્પોરેશન સવા લાખ ઉપરાંત જેટલા મજૂરોને પુનઃ કામે રખાવ્યા અને એ બંધ મિલો પણ નફો કરતી થઇ હતી. આ દિવસોમાં હું મહાજનમાં સક્રિય હતી, તેથી મને યાદ છે. પરંતુ, હકીકતોમાં ભૂલ કે સમજફેરમાં ચૂક હોય તો માફ કરશોજી. ત્યારબાદ એવા દિવસો પણ આવ્યા જ્યારે મિલો ફટાફટ બંધ થવા લાગી. ત્યારે કોર્ટો અને રીલીફ અને જમીન ઇ અનેક વિટંબણાઓનો સામનો તમો યંગર જનરેશને કર્યો છે અને લાખો રૂપિયા મજૂરોને, જો કે તોય અપૂરતા, મળ્યા છે, ન્યાય પૂરો મળ્યો નથી એ બધા સામે આજની પેઢી, રમણભાઇ, અમરભાઇ, ધીમંતભાઇ તથા અન્ય એ ઝીક ઝીલી છે તે પણ મેં જોયું છે.

સારાંશ, મજૂર મહાજન સંઘ ગાંધી વિચારધારા હેઠળ રચાયું છે. ગાંધી મજૂર ચળવળના ચાર મુખ્ય પાયા જે અમે ભણેલા. પહેલો, પંચનો સિધ્ધાંત. જેમાંથી વિશ્વસ્વીકૃત ટ્રસ્ટીશીપનો સિધ્ધાંત જન્મ્યો જે આઇ.એલ.ઓ. સુધી સ્વીકારાયો છે. બીજો, અહિંસક બંધારણીય લડત. હિંસાથી કોઇ પ્રશ્નનો ઉકેલ કદિ આવતો નથી. ત્રીજો, ખાદી. કેવું?! ગાંધીજી મિલના મજૂરને કહે છે કે તમે ભલે મશીન પર કામ કરો ને કમાઓ પણ તમારા ગામના વણકરને ગરીબને ભૂલો નહિ. ચોથું, દારૂબંધીઃ જે કમાઓ તે સારે રસ્તે વાપરો તમારા વ્યસનો માટે નહિ. વ્યસનમાં સર્વનાશ છે.

આ સિધ્ધાંતોનું દેશમાં સમજણપૂર્વક ચુસ્તપણે પાલન થાય તો કોઇ પણ કામદાર ગરીબ ના રહે અને કોઇ પણ ઉદ્યોગ ખોટમાં ન જાય, નિરંતર પ્રગતિ કરતી રહે, દેશમાં ઔદ્યોગિક શાંતિ સ્થાપિત થાય અને પૂર્ણ સ્વરાજ હાંસલ કરવાનો માર્ગ જલ્દી કપાય એવું મારું માનવું છે.

મજૂર મહાજન સંઘનો જન્મ જ હડતાળથી થયો અને એ જ હડતાળે, ધર્મયુધ્ધે પંચના સિધ્ધાંતની શોધ કરી તે યાદ કરીએ છીએ ત્યારે આપણું મન ગર્વથી ભરાઇ જાય છે અને તેનું પાલન કરી, કરાવનારા નેતૃત્વ સમક્ષ આપણું માથું નમે છે.

તે પછીની પેઢીના નેતાઓ જેઓની સાથે મેં સીધું કામ કર્યુ ખાસ કરીને મુ.શ્રી અરવિંદભાઇ બુચ, મુ.શ્રી મનહરભાઇ શુક્લ અને મુ.નવીનચંદ્ર બારોટ, તેમની પાસેથી હું ઘણું શીખી છું, તેમને આજે વંદન કરું છું. મુ.શાંતિભાઇ શાહ અને મુ.બચુભાઇ શુકલ સાથે મારે કામ કરવાનું થયું નથી, તેમને પણ હું વંદન કરું છું.

હું જાણવા ઇચ્છું કે, આવતા ૧૦૦ વર્ષમાં આપણો મજૂર મહાજનનો વિશ્વમાં ફાળો શું હશે, કેવો હશે તેનો પ્લાન, આપણે બનાવ્યો છે? આપણું ભાવિદર્શન સ્પષ્ટ છે? હાલ જે ચાલે છે તે જ અર્થવ્યવસ્થા, યુનિયન વ્યવસ્થામાં આપણે ફીટ થવાં મથતા રહેવું છે અને/કે, દેશને સાથોસાથ નવું દર્શન આપવું છે? દેશની મજૂર ચળવળનું આપણું દિશાદર્શન આજે શું, કેવું છે? દેશના સમગ્ર ટેક્સટાઇલ સેક્ટરનું આપણું દર્શન કેટલું સીમિત, કેટલું વ્યાપક રાખવું છે? ટેક્સટાઇલ મિલો ઘટી ગઇ સાથોસાથ કાપડના ઉત્પાદનની તાસીર પણ બદલાઇ, તેણે આજે તો અનેકવિધિ રૂપો ધારણ કર્યા છે. તેમાં વળી વસ્ત્રઉદ્યોગ ઉમેરાવાથી આ ઉદ્યોગ વધુ વ્યાપક બન્યો છે. ભરપૂર પ્રમાણમાં અને વૈવિધ્યમાં વિકસેલા વ્યાપક ટેક્સટાઇલ સેક્ટરમાં બહુ મોટા પ્રમાણમાં કામદારો કામે વળગેલા છે. તેમજ તેમાં ભારોભાર રોજગારની શક્યતા છે. વળી, તેમાં સ્ત્રીકામદારોનું પ્રમાણ પણ મોટું છે. આ બધા પરિબળો અંગે આપણો, મહાજનનો શો અભિગમ ?

દેશની, દુનિયાની વિશાળ કામદાર પ્રજાના સર્વાંગી વિકાસ સાથે મજૂર મહાજનનો અનુબંધ નાતો જોડાય અને વિકસે તેવી શ્રધ્ધાપૂર્ણ આશા સાથે વિરમું છું. આભાર.

આજનો મજૂરદિન ઝિંદાબાદ!

**[૧૦૦મા મજૂરદિને મજૂરમહાજને 'સેવા'નાં ઇલાબેનને સન્માન પૂર્વક આમંત્રણ આપી બોલાવ્યા અને સહદય આવકાર આપ્યો એ 'સેવા' માટે ઐતિહાસિક ઘટના છે તેથી તેમનું ભાષણ આખું છાપ્યું છે. - નમ્રતા, મનાલી]**

❑

# રમીલાની રોજનીશીમાંથી..

## ''મારા હાથ અદશ્ય''

આપણે જે મુખવાસ અને મસાલા ખાઇએ છીએ તેમા ખજુર પણ નંખાય છે. આ ખજૂર પ્રક્રિયા કરનારા હજારો કામદારો છે...

આજે હું ચંપાબેન મારવાડીને મળી. તો બેઠા-બેઠા ખજૂરના નાના ટુકડા કાતરથી કતરતા હતા અને તેમની દીકરી ખજૂરના ઠળિયા કાઢતી હતી. મેં પૂછયું કે, બેન આ શું કરો છો ? કહે, ઠીલિયા કાઢી ને મારી મા ને આપું છું. મારી મા ટુકડા કરે છે. અમે મા-દીકરી થઇ બે થેલા એટલે, ૧ થેલામાં ૧૦ કિલો ખજૂર આવે એટલે ૨૦ કિલોના બે થેલા ખજૂર તૈયાર કરીએ છીએ. અમે માલિકને આપીએ તો ત્યાં ખજૂરનાં ૧૦૦ ગ્રામ,૫૦૦ ગ્રામ, ૧ કિલોના પેકેટ વજન કરી બનાવે. ત્યાં પણ ૨૦ જેટલી બહેનો વજન કરવાનું, પેકિંગ તેમજ પાર્સલ બાંધવાનું કામ કરે છે.

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
22-1-2018

ચંપાબેનને ત્રણ દીકરી ને એક દીકરો છે. બે દીકરીના લગ્ન થઇ ગયા છે એક દીકરી કુંવારી છે તે, મદદ કરે છે. ચંપાબેન પોતે ૪ ધોરણ ભણેલાં અને તેમનાં પિયરમાં લુહારી કામ કરતાં હતાં. સાસરીમાં આવ્યા પતિ ફેબ્રીકેશનનું કામ કરે છે. એટલે એ લુહારી કામ જ કહેવાય ને ? કેટલું કઠિન કામ છે! હું ઘરે બેઠા ખજૂર કટીગ કરવાનું કામ કરૂ છું. સવારમાં ઘરનું બધું કામ પતાવી ૧૨ વાગે અમને માલ મળે એટલે ૧૨ વાગ્યાથી સતત ૫ વાગ્યા સુધી કામ કરું. સળંગ બેઠા-બેઠા કટીગ કામ કરું એટલે કમ્મરમાં દુઃખાવો થાય, હાથમાં કાતર વાગે, નખ તૂટી જાય. કટીગ કરેલો માલ માલિકને ઠળિયા સાથે પાછા આપવાનો. જો વજનમાં ઘટ પડે તો પૈસા કાપી લે. એટલે ૩૦/- રૂા. ૫૦૦ ગ્રામે કાપી લે. પૂરે-પૂરો વજન સાથે માલ જમા કરાવવો પડે.

હું ચાલીમાં આગળ ગઇ. તો ૧૦ જેટલી બહેનો થેલા લઇને માલ આપવા જતી જોઇ તો મેં પૂછયું કે, આટલા બધા બહેનો આ થેલા લઇને ક્યાં જાવ છો ? તો કહે, માલ આપવા અને નવો માલ લેવા. આ અમારો રોજનો ટાઇમ છે. ૧૨ વાગ્યે જ અમારા માલિક માલ આપે છે એમની સાથે એક ભારતીબેન બેન હતાં તેમણે મને પૂછયું કે, તમે ક્યાંથી આવ્યા છો? કેમ બધું પૂછો છો ? મેં કહયું કે, તમારા જેવા લાખો કામદારો ગલીએ-ગલીએ, ચાલીએ-ચાલીએ કામ કરે છે. પણ, તમારી ક્યાંય નોંધ નથી. એટલે મને થયું કે, આ ચાલીમાં એકલાં કડિયાકામ કરતા બહેનો જ નથી રહેતાં પણ, ચાલીમાં તમારા જેવી કામ કરવા વાળી ૧૦૦ જેટલી બેનો જોઇ. કોઇ પાપડ વેચે તો કોઇ બાફેલા બટાકા વેચે કોઇ લાકડાને પોલીશ કરતાં હોય, કોઇ સિલાઇ કરતા જોયા. એટલે તમને બધાને મળીને તમે જે ધંધાઓ કરો છો તેની વિગત જાણવી હતી.

ઘરમાં બેસી નાના-મોટા કામ કરી લાખ્ખો ઘરખાતા કામદારો કામ કરે છે તોય, તેમનાં કામની ગણતરી થતી નથી. કોઇ કાયદા-કાનૂન નથી અને સામાજિક સલામતી યે નથી..

છેલ્લે ૨૦ વર્ષની સુશીલા બોલી બેન, અમારા શેઠ તો આ માલ દિલ્હી, મુંબઇ, કલકત્તા મોકલે છે. મનમાં મે વિચાર્યુ, આ કોન્ટ્રાક્ટરોની લાંબી સાંકળમાંથી મારી આ બહેનો ક્યારે આઝાદ થશે ? શું આ જ સ્વરાજ છે ?

સુશીલાબેને કહયું, 'હવે અમે સીધા જ દિલ્હી કે મુંબઇ જઇને કોન્ટ્રાક્ટ લઇ આવીશું.''

''કઇ રીતે ?'' મેં પૂછયું.

''કેમ વળી, સેહકારી મંડળી બનાઇને.''

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-1-2018

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]